Introduction.

## પ્રાક્કથન

ગુજરાતી અધ્યાત્મકવિતાની પરંપરામાં નરસિંહથી માંડી આજદિન સુધી અનેક કવિઓએ પોતાના અધ્યાત્મસંવેદનોને કાવ્યના માધ્યમે વાચા આપી ભાવકોની આત્મચેતનાને આલોકિત કરી છે. સુંદરમ્, રાજેન્દ્ર શાહ અને મકરંદ દવે ગુજરાતીના મોટા ગજાના સમકાલીન કવિઓ છે. તેમનાકાવ્યસર્જનની દીર્ઘયાત્રા ગુજરાતી સાહિત્યના ઇતિહાસના ત્રણ તબક્કાને આવરી લે છે. આ ત્રણેય કવિઓ સાધક છે અને અધ્યાત્મ એમના વ્યક્તિત્વનું પ્રધાન લક્ષણ છે ત્યારે કાવ્યના માધ્યમે પ્રગટ થતી તેમની અધ્યાત્માનુભૂતિને પામવાનું અને તેમના અનુભૂતિજન્ય વૈવિધ્યને તારવવાનું કાર્ય મને રસપ્રદ લાગ્યું. એક સહજ જ્ઞાન - આનંદને પામવાના હેતુથી જ મેં અભ્યાસ કરવાનું સ્વીકાર્યું.

ગુજરાતી વિષયમાં એમ.ફિલના અભ્યાસ દરમ્યાન સ્વ. પ્રમોદકુમાર પટેલે મને લઘુશોધનિબંધ માટે જુદા જુદા વિષયો સૂચવ્યા હતા. મને કવિતા અને તત્વજ્ઞાનમાં પહેલેથી જ સ્વાભાવિક રસ હતો. મારી પ્રકૃતિ અને સ્વભાવને અનુકૂળ સંસ્કૃત વિષયના અભ્યાસ દરમ્યાન મને શ્રીમદ્ ભગવદ્ ગીતા, વેદ અને અલંકારશાસ્ત્રનો અભ્યાસ કરવા મળ્યો હતો. મારી વાચનરુચિને અનુલક્ષીને મેં કેટલાંક ઉપનિષદો તથા દર્શનોનું વાચન પણ કર્યું હતું. મારી આ ભૂમિકા અને રુચિને ધ્યાનમાં રાખી મેં એમ.ફિલના લઘુશોધનિબંધ માટે 'સુંદરમ્‌ની કવિતામાં અધ્યાત્મદર્શન' એ વિષય પસંદ કર્યો હતો. સુંદરમ્‌ની અધ્યાત્મકવિતાના અભ્યાસથી જે જ્ઞાનાનંદની ઉપલબ્ધિ થઇ તેનાથી પ્રેરાઇને મને એ જ વિષયમાં વધુ ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરવાની ઇચ્છા જાગી. પીએચ.ડી.ના અભ્યાસ માટે આધ્યાત્મિક ભૂમિકા ધરાવતા જુદા જુદા વિષયો ઉપર વિચારણા થઇ. કવિતાના માધ્યમે અધ્યાત્મને પામવાની મારી ખાસ ઇચ્છા હોઇ મેં ગુજરાતી સાહિત્યના એક મોટા સમયગાળામાં વિપુલ સાહિત્યસર્જન કરનાર ત્રણ સમકાલીન કવિઓ સુંદરમ્, રાજેન્દ્ર શાહ અને મકરંદ દવેની અધ્યાત્મકવિતાનો અભ્યાસ કરવાનું નક્કી કર્યું અને 'ગુજરાતી અધ્યાત્મકવિતા (સુંદરમ્, રાજેન્દ્ર શાહ અને મકરંદ દવેની અધ્યાત્મકવિતાના પરિપ્રેક્ષ્યમાં)' એ વિષય પસંદ કર્યો.

મારા અભ્યાસ દરમ્યાન મને લાગ્યું કે કવિને પામવો એ પણ એક આધ્યાત્મિક અનુભૂતિ છે. અનુભૂતિ વિનાનું અધ્યાત્મ કોરું છે. કવિને પામવાની પ્રક્રિયામાં જે આધ્યાત્મિક અનુભૂતિઓ થઇ એ ઉપલબ્ધિ કંઇ ઓછી નથી. વળી મારા વ્યક્તિત્વના અને સમજના - અધ્યાત્મજ્ઞાનની ભૂમિકાના વિકાસમાં આ સંશોધન-અભ્યાસ મને ઉપકારક નીવડયો છે. પ્રાગૈતિહાસિકકાળથી માંડી અત્યાર સુધીની અધ્યાત્મપરંપરાને જાણવાની, એક લાંબા સમયગાળાને આવરી લેતાં ગણમાન્ય કવિઓના વ્યક્તિત્વને અને કવિતાને પામવાની વિશેષ આનંદપ્રદ, જ્ઞાનપ્રદ અનુભવોની ભરપૂર મને લ્હાણ મળી છે. એની કલ્પનાનો આનંદ પણ અસીમિત છે. જીવનનું અમૂલ્ય ભાથું બંધાવતા આ અભ્યાસ દરમ્યાન ગુરુજનોના જ્ઞાન અને પ્રેમના સંસ્પર્શની ચિરંતન ક્ષણોને પામી શકી એને તો હું મારું સદ્‌ભાગ્ય સમજું છું.

જો કે શબ્દના માધ્યમે અમૂર્ત સંવેદનાઓ, એની સંકુલતા અને દુર્બોધિતાનાં કપરાં ચઢાણો ચઢવા અને શબ્દના માધ્યમે એનું પ્રત્યાયન કરવું અઘરું છે. અધ્યાત્મ જેવા ગૂઢ, અમૂર્ત અને પ્રત્યેક ભાવકની સંવેદનાથી પર એવા વિષયનું વિવેચન શબ્દાતીત છે, ત્યારે આ કવિઓને પામવામાં અને જે પામી શકાયું છે તેને પૂર્ણતઃ અભિવ્યક્ત કરવામાં મારે સતત મથામણ કરવી પડી છે. જયાં સુધી કવિની સંવેદનાને

આપણું હૃદય પૂર્ણ પણે ઝીલી શકે નહીં ત્યાં સુધી કવિને પામી શકાય નહીં. શબ્દની જાલની આળપંપાળ કરતાં જે સુખનો અનુભવ કરીએ છીએ અને કાવ્યાનંદની પ્રાપ્તિ કે અધ્યાત્માનુભૂતિની પરાખ ગણી આપણે ધન્યતા અનુભવીએ છીએ પરંતુ શબ્દની પેલે પાર પહોંચવાની સૂક્ષ્મ બુદ્ધિ જ્યાં સુધી ન મળે. દિવ્યચક્ષુનું ઉન્મીલન ન થાય. આત્માનું શુદ્ધ સ્વરૂપ આવરણો ભેદી પ્રગટ ન થાય ત્યાં સુધી અધ્યાત્મને ઝીલતા શબ્દોનો પાર પામી શકાય તેમ નથી. અભ્યાસ કરતાં એ પરમ સત્યનું મને ભાન થયું. અનુભૂતિ વિનાનું અધ્યાત્મ પોકળ છે. આપણે શબ્દ દ્વારા જે પામ્યા હોવાનો દાવો કરીએ છીએ તેમાં વ્યક્તિહૃદયની આધ્યાત્મિક ભૂમિકાની માત્રાએ જ સંપ્રાપ્તિ થતી હોય છે પણ બધાંને સરખો આનંદ થતો હોવાનું જણાય છે એનું કારણ એ છે કે આ દિવ્ય અનુભૂતિનો સાધારણ સ્પર્શ માત્ર ચિત્તને આલોકિત કરી જાય છે. એ અદ્વિતીય આનંદની અનુભૂતિ દરેક ક્ષણે અપૂર્વ હોવાથી. પૂર્વાનુભૂતિ કરતાં વિશેષ હોવાથી નવો ને નવો આનંદ આપ્યા કરે છે. આમ આનંદની માત્રા ભલે સરખી હોય સંપ્રાપ્તિ તો આધ્યાત્મિક ભૂમિકાના ભેદે જુદી જુદી જ હોય છે. આપણે જેમ વધુ પામતાં જઈએ એમ વધુ તૃષાતુર બનતાં જઈએ છીએ અને પુનઃ પુનઃ એ પ્રાપ્તિ નવો જ અનુભૂતિનો આનંદલહરનો સ્પર્શ જન્માવે છે. કળીએ કળીએ ઊઘડતો જતો પ્રકાશ અધિકને અધિક આનંદ આપતો જાય છે. આ પરમ રહસ્યનું મને જ્ઞાન થયું માટે આ સાધક કવિઓની ભૂમિકાને યથાર્થ પામવા મેં સર્વગ્રાહી પ્રયત્નો આદર્યા. ...

જુદા જુદા પ્રચલિત સંપ્રદાયો અને સાધના પદ્ધતિઓ વિશે શક્ય તેટલી માહિતી મેં સંપ્રદાય - અનુયાયીઓની વ્યક્તિગત મુલાકાત અને તેમના સાહિત્ય દ્વારા મેળવવા પ્રયત્ન કર્યો. યોગસાધના અંગે જાણકારી ધરાવતા વ્યક્તિઓ પાસેથી અને પુસ્તકોમાંથી યોગક્રિયા અંગેના યથાર્થ જ્ઞાનને મેળવવા મેં સતત મંથામણ કરી. વળી આ સાધક કવિઓની ભાવસમાધિને અને સૂક્ષ્મ જગતના સંવેદનોને તેમની કવિતામાંથી પારખવા. મેં પ્રાણાયામ અને ધ્યાનને પ્રારંભિક ભૂમિકાએ શીખવાનો પ્રયત્ન કર્યો. એ રીતે સાહિત્ય અને ક્રિયાના સહયોગથી આ કવિઓની ભૂમિકાની મને આછી ઝાંખી થઈ શકી. એમનાં કાવ્યોમાંથી યોગક્રિયાના સંસ્પર્શોને હું તારવી શકુ અને કવિઓની અધ્યાત્મભૂમિકાની હું કલ્પના કરી શકું એટલી ભૂમિકાએ હું પહોંચ્યો. ચિત્તની ઉદ્દીપ્ત દશામાં ચેતોવિસ્તારની ક્ષણોને ઝીલતાં કવિનાં કાવ્યો વધુને વધુ સૂક્ષ્મ સ્તરે મને સમજાતાં ગયાં. મારા અભ્યાસના ત્રણે ય સમર્થ કવિઓએ એમનાં ઘણાં કાવ્યોમાં આધ્યાત્મિક. યૌગિક અને દાર્શનિક પરિભાષાનો ઝાઝેરો વિનિયોગ કર્યો છે. એ પરિભાષા સમજીને મેં એમનાં કાવ્યોને પામવાનો યથાશક્તિ પ્રયત્ન કર્યો છે. આ મહાનિબંધમાં કરવામાં આવેલા કાવ્યોનાં પરિશીલનને સમજવામાં મદદરૂપ બને તે હેતુથી મેં 'ભૂમિકા'ના પ્રથમ પ્રકરણમાં વિસ્તૃત ચર્ચા કરવાનું મુનાસિબ માન્યું છે. આ ત્રણેય કવિઓએ એટલું વિપુલ કાવ્યસર્જન કર્યું છે કે પ્રત્યેક કાવ્યનાં ઊંડાણોને પામવાનો પ્રયત્ન કરતાં સાથે જ ક્યાંક ખોવાઈ જવું પડે. એમાં પણ કવિ રાજેન્દ્ર શાહનાં આધ્યાત્મિક કાવ્યોની સંખ્યા કવિ સુંદરમ્ અને કવિ મકરંદ દવેનાં કાવ્યોની સંખ્યા કરતાં ઘણી વધારે હોવાથી મારાથી શક્ય બન્યું તેટલાં કાવ્યોનું પરિશીલન વિગતે અને બાકીનાનું લાઘવપૂર્ણ રીતે આપવાનો મેં પ્રયત્ન કર્યો છે. આ કવિઓ અનુભૂતિની પરાકાષ્ઠા અનુભવી ચૂકેલા હોવાથી યોગની પરિભાષા દ્વારા. એ પ્રક્રિયાને કાવ્યોમાં આલેખે ત્યારે આપણી પોતાની અનુભૂતિને એ સ્તર પર લઈ જઈ. ઊર્ધ્વમુખી

બનાવ્યા બાદ પરિશીલન કરાવી શકાય એમ મને લાગે છે. મેં એમનાં કાવ્યોની સમજૂતી આપતાં યૌગિક પરિભાષામાંથી પસાર થવાનો નમ્ર પ્રયાસ કર્યો છે એની પ્રતીતિ આપ સૌને આ મહાનિબંધ વાંચતાં થશે એવી મને શ્રદ્ધા છે.

મારી શક્તિ અને આધ્યાત્મિક ભૂમિકાની મર્યાદામાં હું જે કંઈ પામી શકી છું તેને શબ્દોમાં વ્યક્ત કરતાં ઘણીવાર મને લાગ્યું છે કે કવિના શબ્દો પોતે જ ભાવને યથાર્થ પ્રગટ કરે છે, મારા શબ્દો ઊણા પડે છે. ઘણીવાર એ અનુભૂતિને શબ્દોમાં પ્રગટ કરવામાં લખાણ ઘણું લાંબું બનશે અને વિચારોનું પુનરાવર્તન થશે એવા ભયે વિચારોની વિશદ ચર્ચા કેટલીક જગ્યાએ ટાળી છે. અહીં કાવ્યપંક્તિઓના અવતરણની માત્રા મારી દૃષ્ટિએ અસંયમિત તો નથી જ પરંતુ જ્યાં અમૂર્ત સંવેદનાઓના ભાવ-અર્થપ્રકાશન શબ્દાતીત લાગે ત્યાં પંક્તિઓના અવતરણની આવશ્યકતા મને જણાઈ છે. જ્યાં વિવેચન માટે શબ્દો ઊણા પડે ત્યાં પંક્તિઓ સ્વયં સહાયક બનતી હોવાનું મેં અનુભવ્યું છે. જ્યાં પંક્તિઓ મુખર બનીને ભાવપ્રકાશન કરતી હોય ત્યાં મેં સમજૂતીનું પુનરાવર્તન ટાળ્યું છે. ભાવમુખર અને અગમ્ય ભાવોને ધરાવતી તો વળી અનેક અર્થચ્છાયાઓ અભિવ્યક્ત કરતી પંક્તિઓ આપવી મને જરૂરી લાગી છે. આ કવિઓની કવિતાના રસકીય પરિમાણને પ્રગટાવતાં તો ગ્રંથો ભરાય પરંતુ અધ્યાત્મકવિતાના સંદર્ભે તેનો આછો ખ્યાલ આપવાનો જ ઉપક્રમ મેં દાખવ્યો છે. સુંદરમ્, રાજેન્દ્ર શાહ અને મકરંદ દવેના આજદિન સુધી પ્રગટ થયેલાં તમામ કાવ્યસંગ્રહોનો મારા સંશોધન-અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સુંદરમ્નો 'અનાગતા' કાવ્યસંગ્રહ હજી પ્રેસમાંથી તૈયાર થઈને આવ્યો નથી. પ્રયત્ન કરવા છતાં પુસ્તક કે તેની હસ્તપ્રત મને ઉપલબ્ધ થઈ શક્યાં નથી તેથી સુંદરમ્ની કવિતાના અધ્યાત્મલક્ષી પરિશીલનમાં તેનો સમાવેશ થઈ શક્યો નથી. વળી મારા અભ્યાસના આ ત્રણેય કવિઓને જેમ જેમ હું કવિતાના માધ્યમે પામતી ગઈ તેમ તેમ તેમના પ્રતિભાવિશેષનાં મને દર્શન થતાં ગયાં. આથી તેઓના પ્રત્યક્ષ દર્શન કરવાની અને વાર્તાલાપ કરવાની મારી અદમ્ય ઇચ્છાને સાકાર કરવા મેં પ્રયત્નો કર્યા. કવિ રાજેન્દ્ર શાહની મુલાકાત મારે માટે સ્મરણીય બની રહી. ત્રણ ચાર કલાક કવિની પ્રત્યક્ષ ગોષ્ઠીમાંથી એમનાં દર્શનના તૃપ્તિકર આનંદની સંપ્રાપ્તિ ઉપરાંત મારા સંશોધન- અભ્યાસ માટે કેટલીક નવી બાબતો જાણવા મળી જેને સૌ પ્રથમવાર હું આ શોધનિબંધમાં પ્રગટ કરી શકી છું. કવિ મકરંદ દવેની મુલાકાત માટે પ્રયત્નો સફળ થઈ શક્યા નહીં.

મહાનિબંધને કોમ્પ્યુટર ઉપર છપાવવામાં કોમ્પ્યુટર પ્રોગ્રામની ટેકનિકલ ખામીને લીધે મુદ્રણની કેટલીક મર્યાદાઓ ક્યાંક કોઈકને નજરે ચઢશે. દા.ત. ' ' ને બદલે 'ઓમ' છાપ્યું છે. ભૂલો ધ્યાનપૂર્વક સુધારી લેવા પ્રયત્ન કર્યો છે છતાં કોઈ ભૂલ નજર બહાર રહી ગઈ હોય તો ક્ષમ્ય ગણવા હું વિનંતી કરું છું.

આ શોધનિબંધમાં ગુજરાતી સાહિત્યની અધ્યાત્મકવિતાની દીર્ઘ પરંપરામાં એક ચોક્કસ સમયગાળાની અધ્યાત્મકવિતાના અભિગમને ઓળખવામાં આ કવિઓનો અભ્યાસ સાહિત્યરસિક જિજ્ઞાસુઓને ઉપકારક નીવડશે. સુંદરમ્, રાજેન્દ્ર શાહ અને મકરંદ દવેના કાવ્યસંગ્રહો પૈકી કોઈને કોઈ કાવ્યસંગ્રહ યુનિવર્સિટીના અભ્યાસક્રમોમાં અવારનવાર આવતો હોવાથી સાહિત્યના અભ્યાસીઓ માટે પણ આ મૌલિક સંશોધન- અભ્યાસ ઉપયોગી બનશે એવી મને શ્રદ્ધા છે. અધ્યાત્મકવિતાક્ષેત્રે અન્ય સંશોધનો માટે અભ્યાસીઓને દિશાસૂચન કરવામાં આ મહાનિબંધનું આગવું પરિરૂપ અને એનાં તારણો ઉપકારક બની શકશે.

આ મહાનિબંધને સર્વાંગ સુંદર રીતે તૈયાર કરવાનો સંપૂર્ણ યશ તો મારા માર્ગદર્શિકા ડૉ. સુધાબેન પંડયાને ફાળે જ જાય છે. મને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવામાં તેઓ મારી સાથે સાથે પરિશ્રમપૂર્વક કાર્યરત રહ્યાં છે. ઝીણામાં ઝીણી વિગત પ્રત્યે પણ મારું ધ્યાન દોરી, મારા લખાણના શબ્દે શબ્દને વાંચવામાં અને સુધારવામાં તેમણે દિવસ-રાત જહેમત ઉઠાવી છે. અનેક કામોની વ્યસ્તતા વચ્ચે પણ મારા કાર્યને પહેલું મહત્વનું ગણી એને પાર પાડવામાં તેમણે સહાય ન કરી હોત તો આટલા ઓછા સમયમાં તે પૂરું ન થઈ શક્યું હોત. તેમનો કાર્ય પ્રત્યેનો ચીવટ, તાજગી અને બળ પ્રેરતુ પ્રોત્સાહન તેમના જ્ઞાનાનુભવનું પાથેય અને એ બધાંનો ઉપરવટ તેમના સ્નેહસૌહાર્દનો હૃદયભીને પામીને હું ધન્યતા અનુભવું છું. મારા એમ.ફિલ.ના લઘુશોધનિબંધ માટેના માર્ગદર્શક સ્વ. પ્રમોદકુમાર પટેલને હું અત્રે અધ્યાત્મકવિતાના અભ્યાસ માટેનો વિષયપ્રવેશ કરાવવા બદલ કૃતાર્થભાવે વંદુ છું. ડૉ. સુભાષભાઈ દવેને હું મારા પીએચ.ડી. માટેના મહાનિબંધનો વિષય પસંદગીથી માંડીને એ પૂર્ણ થયા સુધી ઉપયોગી માર્ગદર્શક સૂચનો અને શુભાશીર્વાદથી મારા કાર્યને સંકોરવા અને એગીલું બનાવવા બદલ સ્નેહાદરપૂર્વક સ્મરું છું. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. ભરતકુમાર દેસાઈ, ડૉ. અરુણાબેન બક્ષી તથા અન્ય શુભેચ્છકોની શુભકામનાનું ઋણ પણ હું માથે ચઢાવું છું.

મારા આ અભ્યાસ દરમ્યાન મને પુસ્તકો મેળવી આપવામાં સહાય કરવા બદલ મારા સ્નેહી- મિત્રો ડૉ. સુભાષ મોરે, શ્રી ભાઈલાલભાઈ પટેલ, શ્રી ચંદુભાઈ સ્વામી, શ્રી હસમુખભાઈ જાદવ, શ્રી જીવામીયાં કાજી તથા શ્રી દિલીપ સોલંકીનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. મારા મહાનિબંધને કોમ્પ્યુટર પર છાપી આપવામાં રાતદિવસ જોયા વગર જેમણે સતત ચાર મહિના ધીરજ અને પ્રેમપૂર્વક સુંદર રીતે કામને પાર પાડવા સાથે મને પણ ધૈર્ય અને બળ પ્રેર્યાં છે, એવા મારા સ્નેહી શ્રી નીલેશભાઈ વ્યાસનો તો હું જેટલો આભાર માનું તેટલો ઓછો છે. જેમના આશીર્વાદ અને શુભ લાગણીઓએ અપ્રત્યક્ષ રીતે હંમેશા મને પ્રેરણા અને બળ આપ્યાં છે એવાં મારાં પૂ.માતુશ્રી (હસુમતીબેન), પૂ. વિઠ્ઠલકાકા, મારા કુટુંબીજનો અને મારા સહકાર્યકર મિત્રો કોકીબેન, દિલીપભાઈ તથા અન્યને પણ હું ઋણાનુભાવે સ્નેહપૂર્વક સ્મરું છું.

-મોહિની આચાર્ય.

# મૌલિક અભ્યાસ અને સંશોધનનું નિવેદન

( A Statement of Research )

આધ્યાત્મિકતા એ ભારતીય અસ્મિતાનું એક લાક્ષણિક પાસું છે. વેદકાલીન સમયથી 'અધ્યાત્મ' કવિતા સાથે સતત વણાતું આવતું તત્વ છે. ગુજરાતીમાં પણ મધ્યયુગમાં ચરમશિખરે પહોંચેલી અધ્યાત્મકવિતાની પરંપરા અદ્યાપિપર્યંત વિસ્તરતી રહી છે ત્યારે ગુજરાતી અધ્યાત્મકવિતાનો અભ્યાસ રસ - જિજ્ઞાસાનો વિષય બને એ સ્વાભાવિક છે. મધ્યકાલીન કવિઓ વિશે તો ઘણું કામ થયું છે અને થતું રહ્યું છે. પરંતુ સુધારકયુગ અને સાક્ષરયુગમાં પાતળો પડતો અધ્યાત્મકવિતાનો સ્રોત ગાંધીયુગ. અનુગાંધીયુગ અને અદ્યતનયુગની કવિતામાં પાછો ગુંથાતો જાય છે ત્યારે છેલ્લા સિત્તેર વર્ષના લાંબા ગાળામાં કાવ્યસર્જન કરતા રહેલા ત્રણ કવિઓ સુંદરમ્. રાજેન્દ્ર શાહ અને મકરંદ દવેની અધ્યાત્મકવિતાનો અભ્યાસ આપણી સમગ્ર ગુજરાતી અધ્યાત્મકવિતાની પરંપરાના અભ્યાસમાં ઉપકારક બની શકે તેમ છે. ગાંધીયુગથી સાંપ્રત સમય સુધીનો કાલાવધિમાં કાવ્યરચના કરનાર સુંદરમ્ . રાજેન્દ્ર શાહ અને મકરંદ દવેની કવિતાનો અભ્યાસ ગુજરાતી કવિતાના ઇતિહાસના ત્રણ તબક્કાને આવરી લે છે. વળી ત્રણે ય કવિઓમાં સુંદરમે ગાંધીયુગમાં ગાંધીપ્રભાવ નીચે કાવ્યરચનાનો આરંભ કરી પ્રથમ કાવ્યસંગ્રહ ૧૯૩૩માં પ્રગટ કર્યો પરંતુ અનુગાંધીયુગના બીજા તબક્કાની તેમની કવિતા ખાસ વળાંક સૂચવે છે. ૧૯૫૧માં સુંદરમ્‌નો 'યાત્રા'. રાજેન્દ્ર શાહનો 'ધ્વનિ' અને મકરંદ દવેનો 'તરણાં' કાવ્યસંગ્રહ પ્રગટ થાય છે. આમ ત્રણેયનો આધ્યાત્મિક કવિતાનો આરંભ એક સાથે થયો છે. જેની તપાસ અહીં પ્રથમવાર હાથ ધરી છે એમ મારું નમ્ર મંતવ્ય છે. આવા આ ત્રણે ય સમર્થ ગુજરાતી કવિઓ કાવ્યના માધ્યમે અધ્યાત્મવિકાસની કેડીએ કેવાં શિખરો સર કરે છે તેને તુલનાત્મક અભ્યાસ દ્વારા તપાસવું એ એક સંશોધનીય બાબત છે. ખાસ તો ત્રણે ય કવિઓ સમકાલીન છે અને તેમની કાવ્યસર્જનની દીર્ઘયાત્રા છે ત્યારે દરેકની કવિતા અધ્યાત્મના કેવા નવા ઉન્મેષો પ્રગટ કરે છે તે તપાસવાનો આ સંશોધનનો મૂળ હેતુ છે.

સુંદરમ્. રાજેન્દ્ર શાહ અને મકરંદ દવે વિશેષતઃ કવિઓ છે છતાં તેમણે કાવ્યેતર સાહિત્યસર્જન પણ કર્યું છે. મારા સંશોધન ક્ષેત્રમાં માત્ર તેઓની કાવ્યરચનાઓનો જ સમાવેશ છે. આજ દિનસુધી તેમના પ્રગટ થયેલા કાવ્યસંગ્રહોને અભ્યાસ માટે સ્વીકારવામાં આવ્યા છે. ત્રણે ય કવિઓની સમગ્ર કવિતાના પરિશીલન દ્વારા તેમના અધ્યાત્મવિશેષનું તુલનાત્મક પરિશીલન કરી તેઓની આગવી અધ્યાત્મ-અનુભૂતિને પામવાનો મેં નમ્ર પ્રયત્ન કર્યો છે. આથી વિશ્લેષણાત્મક, સમીક્ષાત્મક અને તુલનાત્મક પધ્ધતિએ સંશોધન-અભ્યાસ હાથ ધરી એક જ ક્ષેત્રનાં અનુભૂતિજન્ય વૈવિધ્યને કાવ્યના માધ્યમ દ્વારા પામવા - પમાડવાનો કેવો પ્રયત્ન થયો છે. તેની શોધ અહીં પ્રથમવાર પ્રસ્તુત થાય છે તેવું મારું નમ્ર નિવેદન છે. આ વિષય-ક્ષેત્રને સમાવતું આ પ્રકારનું સંશોધનકાર્ય મારી જાણ મુજબ આજદિન સુધી થયું નથી. વળી મારા સંશોધનમહાનિબંધમાં મેં ત્રણે ય કવિઓના અધ્યાત્મવિશેષને દર્શનીય. રસકીય અને આગવી અધ્યાત્મ- અનુભૂતિના સંદર્ભમાં ઓળખવા પ્રયત્ન કર્યો છે.

ગુજરાતી અધ્યાત્મકવિતાની પરંપરાને તપાસી એક ચોક્કસ ગાળાના ત્રણ અદ્યતન મોટા ગજાના કવિઓના વૈયક્તિક આધ્યાત્મિક અભિગમને સમજવામાં અને પામવામાં આ સંશોધનમહાનિબંધ ઉપકારક બની રહે એવો મેં નમ્ર પ્રયાસ કર્યો છે. આ પ્રકારના સંશોધનથી ગુજરાતી કવિતાના અભ્યાસીઓને નવા જ અભિગમથી તપાસ કરવાનો ઉઘાડ સાંપડશે એવી મને શ્રધ્ધા છે.

# મહાનિબંધસારાંશ

( A Synopsis of the Thesis )

## પ્રકરણ- ૧

## ભૂમિકા

### ૧.૧ અધ્યાત્મ મીમાંસા: અધ્યાત્મની પરિભાષા- ઉદ્‌ભવ- વિકાસ- અધ્યાત્મસાધના

અહીં ભગવદ્‌ગોમંડલ, શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતા, શ્રુતિ-સંહિતા તથા સાર્થ ગુજરાતી જોડણીકોશ અને બૃહદ્‌ ગુજરાતી જોડણીકોશના આધારે અધ્યાત્મની પરિભાષા સ્પષ્ટ કરી છે. અધ્યાત્મના મૂળ ઋગ્વેદસંહિતામાં મળે છે. ત્યાંથી માંડી ઉપનિષદ્‌કાળ, મધ્યકાળ અને અર્વાચીન - આધુનિક કાળ સુધી 'અધ્યાત્મ'ના બદલાતા રહેલા સંદર્ભોના ઉપલક્ષ્યમાં 'અધ્યાત્મ'ના ઉદ્‌ભવ - વિકાસ અને અધ્યાત્મસાધનાની વિવિધ પદ્ધતિઓનો આલેખ આપ્યો છે.

### ૧.૨ ભારતીય સાહિત્યપ્રણાલીમાં અધ્યાત્મકવિતાની પરંપરા :

અધ્યાત્મની અનેક ભૂમિકાઓ હોય તેમ આધ્યાત્મિકસાહિત્યની - વિશેષત: કવિતાની પણ અનેક ભૂમિકાઓ હોઈ શકે. વેદકાલીન સાહિત્યથી આરંભાયેલી ભારતીય સાહિત્યપ્રણાલીમાં અધ્યાત્મકવિતાનું સ્વરૂપ અને આજદિન સુધી સાહિત્યમાં ગુંથાતી રહેલી અધ્યાત્મભાવનાનું નિરૂપણ કર્યું છે.

### ૧.૩ કવિતા અને અધ્યાત્મનો આંતરસંબંધ :

કવિતા અને અધ્યાત્મ તેમના ઉદ્‌ભવકાળથી પરસ્પર સંકળાયેલા છે. કવિતાસર્જન સ્વયં એક આધ્યાત્મિક પ્રવૃત્તિ છે. ઉત્કૃષ્ટ કવિતા પ્રક્ષિપ્તચેતનાના આવેગને ઝીલે છે. કવિનો કાવ્યવિષય સાથેનો સાક્ષાત્કાર એક વિશિષ્ટ ઐક્યાનુભૂતિને પ્રગટ કરે છે જે સ્વયં એક આધ્યાત્મિક પ્રક્રિયા બની રહે છે પરંતુ વિશેષરૂપે અધ્યાત્મને વિષય બનાવીને રચાયેલી કવિતાને આધ્યાત્મિક કવિતા ગણી છે.

સામાન્ય રીતે ધાર્મિક કવિતા આધ્યાત્મિક કવિતા તરીકે જ ઓળખાતી આવી છે. જ્યાં કવિતા ધર્મપ્રચારનું કે અધ્યાત્મભાવને પ્રગટ કરવાનું માધ્યમ બની જાય છે ત્યાં કવિતાનું કાવ્યત્વ મહદ્‌ અંશે જોખમાયું છે. ક્યારેક અધ્યાત્મ- અનુભૂતિ અને કાવ્ય બંને ઉત્કૃષ્ટ હોય છે ત્યાં શ્રેષ્ઠ અધ્યાત્મકવિતા આપણને પ્રાપ્ત થાય છે. અધ્યાત્મ - અનુભવ ભલે ઇન્દ્રિયાતીત હોય કાવ્યાનુભવ ઇન્દ્રિયગ્રાહ્ય હોવો જોઈએ. કવિને સ્થૂળદર્શનની પારનું દર્શન કરવું પડે છે. ક્રાન્તદ્રષ્ટા કવિ ઇન્દ્રિયાતીત અનુભવને શબ્દોના માધ્યમથી કેટલા અંશે ઇન્દ્રિયગ્રાહ્ય બનાવવામાં સફળ થાય છે તેના ઉપર જ કાવ્યની ઉત્કૃષ્ટતાનો આધાર રહેલો છે જે અહીં નિરૂપિત છે.

૧.૪ ગુજરાતી અધ્યાત્મકવિતા :

ગુજરાતી ભાષાના ઉદ્ભવકાળથી પ્રારંભાયેલી ગુજરાતી અધ્યાત્મકવિતાની પરંપરા મધ્યયુગ, સુધારકયુગ, સાક્ષરયુગ, ગાંધીયુગ, અનુગાંધીયુગ અને અદ્યતનયુગમાંથી પસાર થતાં જે નવા નવા ઉન્મેષો પ્રગટાવે છે તેનો આલેખ અહીં છે.

## પ્રકરણ -૨

## સુંદરમ્‌ની કવિતામાં અધ્યાત્મનિરુપણ

૨.૧ અધ્યાત્મવ્યક્તિત્વનાં ઘડતરપરિબળો :

- 0 : કુટુંબ
- 0 : શિક્ષણ અને સાહિત્ય
- 0 : વિભૂતિપ્રભાવ - સંપ્રદાય
- 0 : અધ્યાત્મવિકાસયાત્રા

૨.૨ સમગ્ર કવિતાનું અધ્યાત્મલક્ષી પરિશીલન :

'કોયા ભગતની કડવી વાણી', 'કાવ્યમંગલા', 'વસુધા', 'યાત્રા', 'વરદા', 'મુદિતા', 'ઉત્કંઠા', 'અનાગતા', 'લોકલીલા', 'ઈશા', 'પલ્લવિતા', 'મહાનદ' - કાવ્યસંગ્રહોની અધ્યાત્મપરક કવિતાનું વિશ્લેષણ આપવાનો ઉપક્રમ છે.

૨.૩ અધ્યાત્મવિશેષ :

- 0 : દર્શનીય પરિમાણ
- 0 : રસકીય પરિમાણ
- 0 : આધ્યાત્મિક અનુભૂતિ

## પ્રકરણ - ૩

## રાજેન્દ્ર શાહની કવિતામાં અધ્યાત્મનિરુપણ

૩.૧ અધ્યાત્મવ્યક્તિત્વનાં ઘડતરપરિબળો :

- 0 : કુટુંબ
- 0 : શિક્ષણ અને સાહિત્ય
- 0 : વિભૂતિપ્રભાવ - સંપ્રદાય
- 0 : અધ્યાત્મવિકાસયાત્રા

૩.૨ **સમગ્ર કવિતાનું અધ્યાત્મલક્ષી પરિશીલન :**
'ધ્વનિ', 'આંદોલન', 'શ્રુતિ', 'શાંત કોલાહલ', 'ચિત્રણા', 'ક્ષણ જે ચિરંતન', 'વિષાદને સાદ', 'મધ્યમા', 'ઉદ્‌ગીતિ', 'ઈક્ષણા', 'પત્રલેખા', 'પ્રસંગસપ્તક', 'પંચપર્વા', 'કિંજલ્કિની', 'વિભાવના', 'દ્વા સુપર્ણા', 'ચંદન ભીની અનામિકા', 'નીલાંજના', 'આરણ્યક' -- કાવ્યસંગ્રહોની અધ્યાત્મપરક કવિતાનું નિરૂપણ આપવાનો ઉપક્રમ છે.

૩.૩ **અધ્યાત્મવિશેષ :**

o: દર્શનીય પરિમાણ
o: રસકીય પરિમાણ
o: આધ્યાત્મિક અનુભૂતિ

## પ્રકરણ- ૪

## મકરંદ દવેની કવિતામાં અધ્યાત્મનિરૂપણ

૪.૧ **અધ્યાત્મવ્યક્તિત્વનાં ઘડતરપરિબળો :**

o: કુટુંબ
o: શિક્ષણ અને સાહિત્ય
o: નિવૃત્તિપ્રભાવ - સંપ્રદાય
o: અધ્યાત્મવિકાસયાત્રા

૪.૨ **સમગ્ર કવિતાનું અધ્યાત્મલક્ષી પરિશીલન :**

'તરણાં', 'જયભેરી', 'ગોરજ', 'સૂરજમુખી', 'સંજ્ઞા', 'સંગતિ', 'અમલપિયાલી', 'હવાબારી' -- કાવ્યસંગ્રહોની અધ્યાત્મપરક કવિતાનું નિરૂપણ આપવાનો ઉપક્રમ છે.

૪.૩ **અધ્યાત્મવિશેષ :**

o: દર્શનીય પરિમાણ
o: રસકીય પરિમાણ
o: આધ્યાત્મિક પરિમાણ

## પ્રકરણ- ૫

**તુલનાત્મક પરિશીલન :**

સુંદરમ્, રાજેન્દ્ર શાહ અને મકરંદ દવેનાં અધ્યાત્મનિરૂપણનાં તુલનાત્મક પરિશીલન દ્વારા તેમનાં સામ્ય, વૈશિષ્ટ્ય, કાવ્યવિશેષો અને આધ્યાત્મિક અનુભૂતિજન્ય વૈવિધ્યને ઉપસાવવાનો ઉપક્રમ છે.

## પ્રકરણ- ૬

## ઉપસંહાર

## સંદર્ભસૂચિ